Date : 04/04/2026

# Mock Interview

















તારીખ: 04/04/2026 ને શનિવારના રોજ સેમેસ્ટર- 4 ના તાલીમાર્થીઓ માટે PLACEMENT ની પૂર્વ તાલીમના ભાગરૂપે MOCK INTERVIEW નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈન્ટરવ્યૂમાં કોલેજના સર્વે તાલીમાર્થીઓ પોતાના RESUME સાથે હાજર રહ્યા હતાં. આ ઇન્ટર્વ્યૂમાં સર્વવિદ્યાલયની વિવિધ શાળાઓના વિષય નિષ્ણાત અને કોલેજના અધ્યાપકો દ્વારા લેવામાં આવ્યા હતા. જેમાં તાલીમાર્થીઓના વિવિધ પાસાઓનું મૂલ્યાંકન કરીને Interview skill વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

**Workshop**

**Date : 18/11/2025**

# E-Portfolio








તારીખ 18/11/2025 મંગળવારના રોજ એસ. વી. કોલેજ ઓફ એજ્યુકેશન અને સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન કડીમાં PLACEMENT CELL અંતર્ગત તાલીમાર્થીઓ પોતાની કારકિર્દીના વિકાસ માટે પોતાની માહિતીને ડિજિટલ સ્વરૂપે રજૂ કરી શકે તે હેતુસર E-Portfolio વિષય પર વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં તજજ્ઞ તરીકે ડો. ગણપતભાઈ એસ. પટેલ (Associate Professor, A. G. Teachers College of Education) દ્વારા ખૂબ જ ઊંડાણપૂર્વક સમજૂતી આપીને તાલીમાર્થીઓને ડિજિટલ પોર્ટફોલિયો તૈયાર કરવા માટે પ્રેરણા તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સેમેસ્ટર–1 અને સેમેસ્ટર–4 ના કુલ 150 વિદ્યાર્થીઓએ સહભાગીતા નોંધાવી હતી.

Workshop

Date : 02/08/2025

# RESUME WRITING











તારીખ 02/08/2025 ને શનિવારના રોજ પ્લેસમેન્ટ સેલ અંતર્ગત તાલીમાર્થીઓ પોતાની કારકિર્દીના વિકાસ માટે તથા શિક્ષક સજ્જતા કેળવવા માટે કરેલી વિવિધ શૈક્ષણિક કામગીરીને આકર્ષિત સ્વરૂપે અને વૈજ્ઞાનિક ઢબે પ્રસ્તુત કરી શકે તે માટે “Resume writing work shop” નું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં તજજ્ઞ તરીકે ડૉ. દેવાંગ મહેતા (Assistant professor College of Education, Megaraj) દ્વારા ખૂબ જ ઊંડાણભરી સમજૂતી આપીને તાલીમાર્થીઓને પોતાનો Resume તૈયાર કરવા માટે practical work દ્વારા પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.